# ગાંધીનગરના બુકીઓમાં ફફડાટ

## ગાંધીનગરના મોટાભાગના બુકીઓ-પંટરો અમદાવાદના બુકીઓ સાથે સંપર્કમાં હતા : આઈ.પી.એલ. ફીક્સીંગનો રેલો ગાંધીનગર પહોંચે તો નવાઈ નહીં...!

ગાંધીનગર, તા. ૨૬

આઈ.પી.એલ. સ્પોટ ફીક્સીંગ પ્રકરણમાં દરરોજ નવી-નવી ચોંકાવનારી વિગતો સપાટી પર આવતી જાય છે. મોટા-મોટા માથાઓની આ ફીક્સીંગમાં સંડોવણી ધીમે-ધીમે ખુલી રહી છે. ત્યારે ઝીણવટભરી તપાસમાં ફીક્સીંગનો રેલો અમદાવાદના બુકીઓ સુધી પહોંચતા હવે ગાંધીનગરના બુકીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે. ગાંધીનગરના મોટા ભાગના બુકીઓ-પંટરો અમદાવાદનાં બુકીઓ સાથે સતત સંપર્કમાં રહીને સેશન આપતા હતા. તેથી આ તપાસનો રેલો ગાંધીનગરના બુકીઓ સુધી પહોંચે તેવી પણ શક્યતા વર્તાઈ રહી છે.

આઈ.પી.એલ. સ્પોટ ફીકસંગનો પર્દાફાશ થયો તે જ દિવસથી જીજુ જર્નાર્દનને કારણે ગાંધીનગર કનેક્શન બહાર આવ્યું છે. મેચ ફીકસીંગની સઘન તપાસ શરૂ થતા પોલીસ કેરળથી દિલ્હી પહોંચી ત્યાંથી વિવિધ કનેક્શન બહાર આવતા દિલ્હીથી આંધ્રપ્રદેશ તથા ચેન્નાઈ અને મુંબઈ સુધી તપાસ લંબાયા બાદ રેલો અમદાવાદ સુધી આવી પહોંચ્યો છે. અમદાવાદના બુકીઓના સંપર્ક ફિકસીંગ ખેલાડીઓ સુધી હોવાનું બહાર આવ્યું છે. ત્યારે ગાંધીનગરના બુકીઓ અને પંટરોમાં પણ ફફડાટ મચી ગયો છે. ગાંધીનગરના મોટાભાગનાં બુકીઓ અમદાવાદનાં બુકીઓ સાથે મળીને સેસન મીલાવતા હતા જેને કારણે પોલીસની તપાસનો રેલો કોઈ પણ સમયે ગાંધીનગર પહોંચે તો નવાઈ નહી. ગાંધીનગરનાં બુકીઓ અને પંટરો પૈકી મોટાભાગના સટ્ટાબાજોએ પોતાના અડ્ડા અને સીમકાર્ડ બદલી નાંખ્યા છે તે કેટલાક બુકીઓએ હાલ પુરતુ સેશન આપવા -લેવાનું બંધ કરી દીધુ હોવાનું પણ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## સીમકાર્ડનું રજીસ્ટર ન નિભાવતા વેપારી સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા એસઓજીએ ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં આવેલ મોબાઈલની દુકાનમાં મોબાઈલ સીમકાર્ડનું રજીસ્ટ્રેશન ન ધરાવનાર વેપારીને ત્યાં દરોડો પાડી જાહેરનામાના ભંગ બદલ તેના વિરૂદ્ધ સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામની સીમમાં આવેલ જય અંબે પાન પાર્લર આવેલું છે. જ્યાં દુકાનનો માલિક રજીસ્ટર નિભાવ્યા વગર બેરોકટોક મોબાઈલ ફોનના સીમકાર્ડ વેચી રહ્યો હોવાની માહિતી ગાંધીનગર એસઓજીની ટીમને મળતા આજે ટીમે ઓચીંતો દરોડો પાડી મોબાઈલ ફોનના સીમકાર્ડનું રજીસ્ટ્રેશન ન નિભાવનાર દુકાનના માલિક વિરૂદ્ધ કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ સેક્ટર-૭ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. આથી સેક્ટર-૭ પોલીસે દુકાન માલિક સામે ગુનો નોંધી તેના વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સુઘડમાં મકાનનું તાળુ ખોલીને ૨.૭૦ લાખની મત્તા ચોરાઈ

## કોબા પાસે મંદિરમાંથી પંચધાતુની શાંતિનાથ ભગવાનની મૂર્તિની ચોરી : બબ્બે ચોરી છતાં પોલીસ નિષ્ક્રીય : ગુનાખોરી ડામવાના પ્રયાસને બદલે બર્કીંગનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા સુઘડ ગામની એક સોસાયટીમાં ધોળે દિવસે બંધ મકાનનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલીને મકાનમાંથી રૂ. ૨ લાખ રોકડા તથા ૭૦ હજારના દાગીના મળીને રૂ. ૨.૭૦ લાખની મત્તા ચોરી કરી તસ્કરો ભાગી ગયા છે તે ઉપરાંત કોબા ગામ પાસે આવેલા શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક કેન્દ્રના મંદિરમાં દર્શન કરવાને બહાને આવીને ચોર ભગવાનની પંચધાતુની ૧૫ હજારની કિંમતની મૂર્તિ ચોરી ફરાર થઈ ગયો હતો. ચોરીઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે અડાલજ પોલીસ ચોરી ઘટાડવાના પ્રયાસ કરવાને બદલે કાગળ પર ચોરી ઘટે તેમ બર્કીંગના પ્રયત્નો કરી રહી છે. ૧૭ તારીખે થયેલી ચોરી ધક્કા ખવડાવીને છેક ૨૩ તારીખે નોંધવામાં આવી તેનું બીજું કારણ શું હોઈ શકે...?

પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બનતા ગુનાઓ પ્રજા અને ઉપરના લેવલ સુધી ન પહોંચે તે માટે ગુનાખોરી ડામવાના પ્રયત્નોને બદલે બર્કીંગ પ્રથા શરુ કરી દેવામાં આવી છે. જો કોઈ ગુનામાં વધુ પ્રેશર કરવામાં આવે તો જ ગુનો દાખલ કરવાની પોલીસે વૃત્તિ પકડી લીધી છે. આવા જ કિસ્સા અડાલજ પોલીસ સ્ટેશનમાં બની રહ્યા છે. ૧૭મી મેના રોજ સુઘડ ગામની એટલાન્ટીક પાર્ક સોસાયટીમાં રહેતા સંગીતાબેન પરાગભાઈ મહેતા ઘરે તાળુ મારીને સવારે બહાર ગયા અને સાંજે પરત ફર્યા ત્યાં સુધીમાં તાળુ ખોલીને કોઈ શખ્સે તેમના મકાનની તિજોરીમાંથી રૂ. ૨લાખ રોકડા અને ૭૦હજારના સોના-ચાંદીના દાગીના મળીને રૂ.૭૦ લાખની મત્તા ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. આ મામલે ફરિયાદ કરવા ધક્કા ખાઈને તુટી ગયેલી મકાન માલિક મહિલાની ફરિયાદ અંતે ઘણા દબાણો બાદ ૨૩મી તારીખે એટલે કે ઘટનાને અઠવાડીયા બાદ નોંધાવા પામી છે તો બીજી તરફ કોબાનાં શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક કેન્દ્રના શાંતિનાથ ભગવાનના મંદિરમાંથી દર્શન કરવાના બહાને આવેલા શખ્સે ભગવાનની પંચધાતુની ૧૫ હજારની કિંમતની મૂર્તિ ચોરી લઈ ફરાર થઈ ગયો હતો. આ ચોરી અંગે પિયુષભાઈ ત્રિવેદની ફરિયાદ મુજબ અડાલજ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેર વિસ્તારના જીઈબી કોલોની ખાતેની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ ના નિર્મળાબેન ચંદુલાલ ગાંધીનો વયનિવૃત્તિ વિદાય સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. વિદાય સન્માન સમારંભમાં નિર્મળાબેન ગાંધીની દીર્ધકાલીન સેવાને આચાર્યએ બિરદાવી હતી. આ પ્રસંગે કોર્પોરેટર હંસાબેન મોદીના હસ્તે સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આચાર્ય દિપ્તીબેન વસાવડા, એસ.એમ.સી. અધ્યક્ષ ગીતાબેન વઢિયારી, સભ્યો, શાળા પરિવાર, વિદ્યાર્થીઓ તથા વાલીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો પણ વિદાય સમારંભ ગોઠવાયો હતો. ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આભાર દર્શન નિકીતાબેન પટેલે કર્યું હતું.

## વિભાગો દ્વારા સમયસર પગારભથ્થા બીલો તિજોરી કચેરીને ન મોકલાતા હોઈ પગારમાં વિલંબની સ્થિતિ સર્જાઈ છે

ગાંધીનગર, તા.૨૬

વિભાગો દ્વારા સમયસર પગાર ભથ્થાના બિલો જિલ્લા તિજોરીને રજુ કરવામાં આવતા ના હોવાને કારણે કર્મચારીઓને પગાર ચુકવવામાં વિલંબની પરિસ્થિતિ ઉભી થતી હોવાની વાતનો નાણા વિભાગે એકરાર કર્યોહતો. આ બાબતની ગંભીર નોંધ લઈને સરકાર દ્વારા તમામ વિભાગોને સમયસર બીલો રજુ કરવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે.

થોડા સમય અગાઉ એક ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ હતી. જેમાં રાજય સરકાર-સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓના પગારની ચૂકવણી સમયસર થાય તે માટેનો મુદ્દો નાણાં વિભાગ દ્વારા રજુ કરીને એવું જણાવાયું હતું કે કર્મચારીઓના પગાર ભથ્થાઓ સમયસર ચૂકવાય તે માટે નાણા વિભાગ દ્વારા એડવાન્સ ગ્રાન્ટ આપવામાં આવે છે. આમ છતાં વિભાગો દ્વારા સમયસર બીલો તિજોરી કચેરીને રજુ કરવામાં ન આવતા હોવાને કારણે કર્મચારીઓને પગાર ચૂકવવામાં વિલંબની પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે.

આ બેઠકમાં નાણાં વિભાગ દ્વારા રજુ કરાયેલી આંકડાકીય માહિતી પ્રમાણે ફેબ્રુઆરી માસના કુલ ૨૧૮૦૫ પગાર બીલો ૨૫-૨-૧૩ સુધીમાં મોકલાઈ જવા જોઈતા હતા પરતુ ખરેખર ૭,૦૭૫ બીલો જ તિજોરી કચેરી મોકલેલ હતાં. ફેબ્રુઆરી માસ દરમિયાન ૧૪૦૧૦ બીલો નિયત તારીખે મોકલાયેલ ન હતાં એ જ રીતે માર્ચ માસ દરમિયાન ૨૧૦૭૬ પગાર બીલો ૨૫-૩-૧૩ સુધીમાં મોકલવાના હતાં પરંતુ ખરેખર ૧૨૬૪૬ બીલો જ તિજોરી કચેરીને મોકલાયેલ હતાં.

કુલ ૮૪૩૦ બીલો સમયસર મોકલાયેલ ન હતાં. વધુમાં ૨૧૦૦૧ બીલો અન્વયે ૩,૪૯૩ બીલો ૧૫-૪-૧૩ સુધીમાં રજુ થયેલ ન હતાં. આથી આ અંગેની સરકારે ગંભીર નોંધ લઈને ઉપાડ અને વહેંચણી અધિકારી તેમના પગાર ભથ્થાના બીલો માર્ચ માસના બાકી હોય તો તુરત જ મોકલી આપવા અને હવે પછી નિયત સમય મર્યાદામાં બીલો મોકલી આપવામાં આવે તેવી સૂચના આપી હતી.

બેઠકમાં અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોના વિભાગના અગ્રસચિવે એવો મુદ્દો રજુ કર્યો હતો કે પગાર બીલો માટે અપર્યાપ્ત ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જે સંદર્ભે નાણા વિભાગે એવી સ્પષ્ટતા કરી હતી કે પગાર માટે લમસમ ગ્રાન્ટ દર ત્રણ માસના જે તે પછીના માસના પહેલા અઠવાડિયામાં ફાળવવામાં આવે છે.

## જ્યોતિ મહિલા મંડળની સ્વ. નિલમબેન કામદારને સહૃદય શ્રદ્ધાંજલિ

ગાંધીનગર શહેરની અગ્રણી સંસ્થા જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન અને મંત્રી ચેતનાબેન બૂચે સ્વર્ગસ્થ નિલમબેન કામદારના અવસાનને ખૂબ જ દુઃખ દાયક ગણાવી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી છે. મહિલાઓના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ રહેનાર અને હકારાત્મક અભિગમ સાથે કામ કરનાર નારી સંરક્ષણ ગૃહ, કુટુંબ સલાહ કેન્દ્ર અને સુરક્ષા મહિલા છાત્રાલયના ચેરમેન નીલમબેન કામદારનું આકસ્મિક અવસાન થતાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સ્વર્ગસ્થ નિલમબેન કામદારે સંસ્થાના કોઈ પણ વાડા વગર મહિલાઓના વિકાસ માટે સુંદર કામગીરી કરી છે. તેમની કામગીરીને જ્યોતિ મહિલા મંડળે સહૃદય વખાણી છે તથા નીલમબેન કામદારના અવસાનને આઘાતજનક ગણાવી સાચી શ્રદ્ધાંજલિ અર્પી છે.

## કાયદો અને વ્યવસ્થાની જાળવણી બાબતે કલોલ પોલીસતંત્રની આમજનતા સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પંચવટી વિસ્તારમાં પોલીસતંત્રની આમજનતા સાથે કાયદો અને વ્યવસ્થાની જાળવણી બાબતે જરૂરી બેઠક યોજાઈ હતી.

કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. દવેએ તાજેતરમાં પંચવટી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ સુખશાંતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક અગ્રણીઓ અને નાગરિકો સાથે અગત્યની બેઠક યોજી જરૂરી ચર્ચા વિચારણા કરી હતી અને આમ જનતાના સાથ સાથે જ ચોરી-લૂંટ, ધાડ, ઠગાઈ કે અકસ્માતના બનાવો ઓછા કરી શકાય તેમ જણાવ્યું હતું. સ્થાનિકજનો સુખશાંતિથી રહી શકે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બને તે માટે કલોલ તાલુકા પોલીસે પોતાની ફરજ સ્વીકારી સૌને સાંત્વના આપી સહીયારા પ્રયાસથી ચોક્સ સફળતા મળશે તેમ જણાવ્યું હતું.

## પેન્શનર્સને આધારકાર્ડ સરળતાથી મળે તે માટે કેમ્પ કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર્સને આધારકાર્ડ મેળવવામાં તકલીફ ન પડે તે માટે સેક્ટર વાઈઝ કેમ્પ કરવા રજૂઆત કરવામાં આવી છે.

પાટનગરમાં વસતા પેન્શનર્સને ઉનાળાના સમયમાં આધારકાર્ડ મેળવવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવાય છે. જૈફવય ધરાવતા (સિનિયર સિટીઝન્સ)ને આધાર કાર્ડ માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે.

ગરમીમાં કલેક્ટર કચેરીમાં આવવું પડે છે. ક્યારેક કમ્પ્યૂટર બંધ હોય છે. ત્યારે ધક્કો ખાવો પડે છે. શરીરને બાળી નાખે તેવી ગરમીમાં રિક્ષામાં કે વાહનમાં આવતા આ વડીલો શારીરિક નાદુરસ્તી, અશક્તીને લીધે સખત મુશ્કેલી અનુભવતા હોય છે.

વડીલોની મુશ્કેલીઓને સમજી તંત્રી દ્વારા આધારકાર્ડ માટે યોગ્ય નિર્ણય લેવાય અને જુદા જુદા સેક્ટર્સમાં કેમ્પ યોજાય તેવું પેન્શનર્સ મિત્રો ઈચ્છી રહ્યા છે. જે તે સેક્ટરમાં કેમ્પ યોજવા જરૂર પડે તેવો સહકાર આપવા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના દરેક સજ્જન જણાવી રહ્યા છે.

# ચાંદખેડામાં એક જ દિવસમાં બે બનાવોમાં ૧૧ લાખની ચોરી

## તસ્કરોએ બે ભાઈઓના અલગ-અલગ ફલેટમાંથી રૂ. ૧૦.૬૦ લાખની ચોરી કરી

અમદાવાદ,તા.૨૬

શહેરનાં ચાંદખેડા અલગ અલગ જગ્યાએથી ચોરી થતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી જવા પામી હતી. તસ્કરોએ ચાંદખેડા વિસ્તારને નિશાન બનાવી મને અલગ અલગ જગ્યાએથી કુલ રૂ. ૧૧ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા. તસ્કરોએ ચાંદખેડાનાં સંસ્કૃતિક એપાર્ટમેન્ટમાં બે ભાઈઓના જ અલગ-અલગ ફલેટમાંથી ચોરી કરી હતી અને ચાંદખેડાનં સૂર્યા હોમટાઉન નામના ફલેટમાંથી તસ્કરો હાથફેરો કરી નાસી છૂટયા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા સંસ્કૃતિ એપાર્ટમેન્ટમાં ગોવિંદભાઈ પ્રજાપતિ રહે છે ગોવિંદભાઈના પરિવારમાં તેમનો પુત્ર, પુત્રવધુ અને તેમની પત્ની રહે છે. ગોવિંદભાઈ ફલેટના મકાન નં. ૧૮માં રહે છે અને આ જ ફલેટનાં મકાન નં. ૧૦માં તેમના ભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ અને તેમનો પુત્ર-પુત્રવધુ તેમજ તેમની પત્ની રહે છે.

આ બંને પરિવાર શનિવારે રાત્રે ધાબા પર સુવા ગયો હતો. તે દરમિયાનમાં રાત્રે ૨ વાગ્યાના આસપસા કોઈ અજાણ્યા શખ્સો બંને મકાનના નકુચા તોડી અંદર પ્રવેશી ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ. ૧૦.૬૦ લાખનો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટયા હતા. સવારે બંને પરિવાર ઉઠીને નીચે આવી જોતાં ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે પોલીસને જાણ કરાતાં ડોગસ્કવોડ સહિતનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં ચાંદખેડાના સૂર્યાશ હોપટાઉન નામના બંગ્લોઝમાં બાલાભાઈ વેજાનંદ વરૂ (ઉ.૩૩) પોતાના પરિવાર સાથે રહે છે. બાલાભાઈ શનિવારે રાત્રે તેમના પરિવાર સાથે બહાર ગયા હતા. તે દરમિયાનમાં અજાણ્યા શખ્સોએ તેમના ઘરનો જાળીનો દરવાજો તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ. ૪૯૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ અંગેની જાણ ચાંદખેડા પોલીસને કરાતાં પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જલારામ સેવા સમાજ દ્વારા પાઠ્યપુસ્તકો અને નોટો-ચોપડાઓનું વિતરણ થશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના જલારામ સેવા સમાજ દ્વારા ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો અને રાહતદરે નોટ-ચોપડાઓનું વિતરણ કરવામાં આવશે તથા તેજસ્વી તારલાને વિદ્યાપુરસ્કારથી સન્માનીત કરવામાં આવશે.

જલારામ સેવા સમાજ ગાંધીનગરના સભ્યોના ધોરણ-૧ થી ૧૨માં અભ્યાસ કરતા જરૂરીયાતવાળા બાળકોને વિદ્યાભ્યાસમાં મદદરૂપ થવાના આશયથી ચાલુ વર્ષે પાઠ્યપુસ્તકો વિના મૂલ્યે અપાશે. આ સંદર્ભે વાલીએ શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯, ખાતે મેનેજરને ફોર્મ સાથે રૂબરૂ તા. ૩૦મી મે-૨૦૧૩ સુધીમાં અચૂક પહોંચતું કરવું. નવાં પાઠ્યપુસ્તકો તા. ૧૦મી જૂનથી ૨૦મી જૂન શ્રી જલારામ મંદિર પરથી સવારે ૯ થી ૧૧ અને સાંજે ૪ થી ૬ દરમિયાન મેળવી લેવા જણાવાયું છે.

ચાલુ સાલે ધોરણ-૧ થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના ફાઈલ ઈયરના વિદ્યાર્થીઓ માટે યોજાનાર વિદ્યાપુરસ્કાર માટે પૂરા સરનામા સાથે ગુણપત્રકોની પ્રમાણિત નકલો, ઝેરોક્ષ કોપી તા. ૩૧મી જુલાઈ સુધીમાં મંદિર પર મેનેજરને રૂબરૂ પહોંચતી કરવા જણાવ્યું છે. સમાજના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થવાના હેતુથી, શ્રી વિસનજી નાનજી સચદે ટ્રસ્ટ, અમદાવાદના સહયોગથી રાહતદરે નોટો-ચોપડાનું વેચાણ-વિતરણનું આયોજન ૨૯મી મે-૨૦૧૩ થી ૩૦મી મે-૨૦૧૩ દરમિયાન કરાશે. એમ જલારામ સેવા સમાજના મંત્રી જિતેન્દ્ર સેજાણીએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

### તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૭ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૭ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ડૉરેમોન (હિન્દી) : ૯.૪૫, ૨.૦૦, ૬.૧૫
ઈસક્યુ ઈન પેરીસ : ૧૨.૦૦, ૪.૧૫, ૧૧.૦૦
હમ હૈ રૈહી કાર કે : ૮.૩૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૦૦
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૧.૧૫
આશિકી-૨ : ૨.૦૦, ૭.૩૦
ઔરંગજેબ : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૯.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
ઔરંગજેબ : ૧૨.૦૦
ગો ગોઆ ગોને : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

**સૂર્યા, વાવોલ**

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઈશ્ક ઈન પેરીસ : ૧૦.૦૦, ૩.૦૦
જિંદગી ૫૦-૫૦ : ૧૨.૩૦, ૫.૩૦
આશિકી- ૨ : ૭.૧૫, ૧૦.૦૦

**ચિરાગ, કલોલ**

રફતાર કા ઝનૂન - ૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશો. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. લાલાભાઈ ચુકાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૦) મુ.પો. મહુદરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ડાહીબેન રશિકલાલ મોદી (ઉ.વ. ૬૮) પ્લોટ નં. ૨૩૪, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.